GJRJ050004752026

**<u>જેતપુરના પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને</u>**

**<u>એડી. ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં</u>**

**<u>શ્રી પી. ડી. મોદી પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ</u>**

**<u>જયુડી.મેજી.શ્રી</u>**

## <u>FORM-A</u>

જજમેન્ટની તારીખ - ૧૫.૦૪.૨૦૨૬

ફોજદારી કેસ નં. - ૩૨૨/૨૦૨૬

વિરપુર પો.સ્ટે. પાર્ટ-સી ગુ.રજી. નં.૧૧૨૧૩૦૦૧૨૫૦૩૦૯/૨૦૨૫

ફરિયાદી - સ્ટેટ ઓફ ગુજરાત

ફરિયાદપક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી- શ્રી કે.બી. ડોડીયા.

આરોપી/ઓ - સોહીલભાઇ સલીમભાઇ મડમ

આરોપીપક્ષે વિ.વ.શ્રી - શ્રી જે.એન. જાડેજા.

## <u>FORM-B</u>

ગુન્હો બન્યા તારીખ - ૧૪.૦૮.૨૦૨૫

એફ.આઈ.આર.ની તારીખ - ૧૪.૦૮.૨૦૨૫

ચાર્જશીટની તારીખ - ૦૫.૦૨.૨૦૨૬

ચાર્જફ્રેમ કર્યા તારીખ - ૧૬.૦૨.૨૦૨૬

પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ - ૨૫.૦૨.૨૦૨૬

કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ - ૧૫.૦૪.૨૦૨૬

.............................................

A.C.J.M., JETPUR.

જજમેન્ટની તારીખ - ૧૫.૦૪.૨૦૨૬

સજાના હુકમની તારીખ, જો હોય તો - -

**<u>આરોપીની વિગતઃ-</u>**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે | શું દોષી/ નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમિયાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર.પી.સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સોહીલભાઇ સલીમભાઇ મડમ | ૨૯.૧૨.૨૦૨૫ | યુ.ટી.પી. | પ્રોહી. એક્ટની કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ | નિર્દોષ | - - | - - - |

## **<u>FORM-C</u>**

### **<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>**

**(એ) ફરીયાદ પક્ષ તરફેના સાહેદઃ-**

| ક્રમ | સાહેદ નં. (ચાર્જશીટ મુજબ) | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૨ | પિયુષભાઇ મનસુખભાઇ જાદવ | મૌખિક તથા દસ્તાવેજી |

| | | | |
|---|---|---|---|
| ૨. | ૦૩ | કિરીટગર શાંતીગર ગૌસ્વામી | મૌખિક |
| ૩. | ૧૧ | ભગુભાઇ ઉર્ફે ભગી આપાભાઇ ધાધલ | મૌખિક |
| ૪. | ૧૨ | દિલાવરભાઇ ઉર્ફે દીલો હારૂનભાઇ ઠાસરીયા | મૌખિક |
| ૫. | ૧૪ | કનુભાઇ ભીખુભાઇ કોડીયાતર | મૌખિક |
| ૬. | ૧૫ | હુશેનભાઇ ઉર્ફે શાહરૂખ રસુલભાઇ ભટી | મૌખિક |
| ૭. | ૧૭ | અરવિંદભાઇ નાથાભાઇ દાફડા | મૌખિક |
| ૮. | ૧૩ | લાખાભાઇ ભીખુભાઇ કોડીયાતર | મૌખિક |

## (બી) બચાવ પક્ષ તરફેના સાહેદ જો હોય તો,

| ક્રમ | સાહેદ નં. | સાહેદનું નામ | ક્યા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|---|
| - | - | - | - |

## (સી) કોર્ટ તરફના સાહેદ જો કોઇ હોય તો,

| ક્રમ | સાહેદ નં. | સાહેદનું નામ | ક્યા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|---|
| - | - | - | - |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

## (એ) ફરીયાદપક્ષે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

| ક્રમ | સાહેદ નં. (ચાર્જશીટ મુજબ) પી/ડબલ્યુ | આંક | વિગત |
|---|---|---|---|
| ૧. | ૦૨ | ૦૬ અને ૦૭ | મૌખિક પુરાવો તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ૦૩ | ૦૮ | મૌખિક પુરાવો |
| ૩. | ૧૧ | ૧૭ | મૌખિક પુરાવો |
| ૪. | ૧૨ | ૧૮ | મૌખિક પુરાવો |
| ૫. | ૧૪ | ૧૯ | મૌખિક પુરાવો |
| ૬. | ૧૫ | ૨૦ | મૌખિક પુરાવો |
| ૭. | ૧૭ | ૨૧ અને ૨૨ થી ૨૪ | મૌખિક પુરાવો અને ડેપ્યુટ હુકમ, ગુનો રજી. કર્યા અંગેનો પત્ર, એફ.આઇ.આર. |
| ૮. | ૧૩ | ૨૫ | મૌખિક પુરાવો |

## (બી) બચાવ પક્ષ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનું નામ | નિશાની |
|---|---|---|
| - | - | - |

## (સી) કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| - | - | - |

## (ડી) મુદ્દામાલની વિગત

| અ.નં. | આર્ટીકલ નં. | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૦૧ | ROYAL CHALLENGE PREMIUM GOLD WHISKY 75 PROOF 42.8% V.V. FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે બોટલ નંગ-૯૪૮(પેટી નંગ-૭૯) કિં.રૂા. ૧૨,૩૨,૪૦૦/- ગણેલ છે તે |
| | ૦૨ | એક કાળા કલરની તાડપત્રી નંગ એક કિં.રૂા. ૦૦/૦૦ |

| | | |
|---|---|---|
| | ૦૩ | એક સફેદ કલરની બોલેરો પીકઅપ FB વાહન જેના આર.ટી.ઓ. રજી.નં. GJ-13-AW-3441 તથા ચેસીસ નં. ZU2TBKJ1E44202 તથા એન્જીન નં. TBJ1E52934 વાળી તપાસ અર્થે કબજે કરેલ છે તે |
| ૨. | ૦૧ | ALL SEASONS RARE COLLECTION RESERVE WHISKY FOR SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 180 ML ની કિં.રૂા. ૨૫૦/- લેખે ગણી બોટલ(ચપલા) નંગ-૪૮ કિં.રૂા. ૧૨,૦૦૦/- |
| | ૦૨ | ALL SEASONS RARE COLLECTION RESERVE WHISKY FOR SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૪૦૦/- લેખે ગણી બોટલ નંગ-૧૦૫૬ કિં.રૂા. ૧૪,૭૮,૪૦૦/- |
| | ૦૩ | પીળા કલરની તાડપત્રી |
| | ૦૪ | રસ્સા |
| | ૦૫ | એક સફેદ કલરની બોલેરો મેક્સ પીકઅપ વાહન જેના આર.ટી.ઓ. રજી.નં. GJ-13-AX-0917 તથા ચેસીસ નં. MA1RV2TLKN6K39800 તથા એન્જીન નં. TLN4K88461 વાળી તપાસ અર્થે કબજે કરેલ છે તે. |
| ૩. | ૦૧ | ROYAL STAGE SEAGRAM'S CLASSIC WHISKY FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલબંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે બોટલ નંગ-૬૮૪ કિં.રૂા. ૮,૮૯,૨૦૦/- |
| | ૦૨ | એક સફેદ કલરની બોલેરો પીકઅપ FB જેના આર.ટી.ઓ. રજી.નં. GJ-25-U-6146 તથા ચેસીસ નં. ZV2TNKP1B24046 તથા એન્જીન નં. TNP1B20021 વાળી તપાસ અર્થે કબજે કરેલ છે તે |
| ૪. | ૦૧ | ROYAL CHALLENGE PREMIUM GOLD WHISKY 75 PROOF 42.8% V.V. FOR |

| | | |
|---|---|---|
| | | SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે બોટલ નંગ-૭૫૬ કિં.રૂા. ૯,૮૨,૮૦૦/- |
| | ૦૨ | એક કબુતરી કલરનું અશોક લેલન કંપનીનું બડાદોસ્ત જેના આર.ટી.ઓ. રજી.નં. GJ-03-BY-5539 તથા ચેસીસ નં. MB1AB42E4NRB96706 ના લખેલ છે તે વાહન તપાસ અર્થે કબજે કરેલ છે તે |
| ૫. | ૦૧ | ROYAL CHALLENGE PREMIUM GOLD WHISKY 75 PROOF 42.8% V.V. FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે બોટલ નંગ-૩૬૦૦ |
| | ૦૨ | ROYAL STAGE SEAGRAM'S CLASSIC WHISKY FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલબંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે બોટલ નંગ-૨૧૯૬ કિં.રૂા.૨૮,૫૪,૮૦૦/- |
| | ૦૩ | અશોક લેલન કંપનીનો લાલ કલરની કેબીન તથા પાછળ સફેદ કલરનું ગેસનું ટેન્ક વાળો બાર વ્હીલ વાળો ટ્રક જે ટ્રકની આગળ પાછળ આર.ટી.ઓ. રજી.નં. જોતા MP-09-DF-7701 વાળો ટ્રક તપાસ અર્થે કબજે કરેલ છે તે |
| | ૦૪ | સદરહું ટ્રકની કેબીનમાંથી ડ્રાઈવર શીટની પાછળ કવરમાંથી એક કાળા કલરની ફાઇલમાંથી શિવજીત મર્દાનસિંગ તોમર રહે. રોડ નંબર ૦૩, ગ્રામ કુટવાસા પો.સ્ટે. તા. હિરણખેડા, માલવા જી.હોસંગાબાદ રાજ્ય મધ્યપ્રદેશ વાળાના આર.સી. બુક ફોટો લેમીનેશન |
| | ૦૫ | શિવજીત તોમરના નામનું પાનકાર્ડ નંબર BJSPT4235Q ની નકલ |
| | ૦૬ | સદરહું ટ્રકની વિમા પોલીસી નંબર ૧૫૧૩૦૦૧/૩૧/૨૦૨૪/૧૧૫૮૦ ની પોલીસી |

| | | |
|---|---|---|
| | ૦૭ | સદરહું ટ્રકમાંથી સુરેશભાઇ નારાયણ માલવીયા, રહે. ગ્રામ દેવલીપીપલોન શિરપોઇ બળોદ, જી. અગરમાળવા, મધ્યપ્રદેશ-૪૬૫૪૪૧ વાળાના ડ્રાઈવિંગ લાયસન્સનો ફોટો |
| | ૦૮ | એક કાળઆ કલરની ફાઇલ |
| ૬. | ૦૧ | ROYAL CHALLENGE PREMIUM GOLD WHISKY 75 PROOF 42.8% V.V. FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે ગણી બોટલ નંગ એક F.S.L. તપાસણી અર્થે કબજે કરેલ છે તે |
| | ૦૨ | ROYAL STAGE SEAGRAM'S CLASSIC WHISKY FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલબંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે ગણી બોટલ નંગ એક F.S.L. તપાસણી અર્થે કબજે કરેલ છે તે |
| | ૦૩ | ALL SEASONS RARE COLLECTION RESERVE WHISKY FOR SELL IN UTTRAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 180 ML ની કિં.રૂા. ૨૫૦/- લેખે ગણી બોટલ નંગ એક F.S.L. તપાસણી અર્થે કબજે કરેલ છે તે |
| | ૦૪ | ALL SEASONS RARE COLLECTION RESERVE WHISKY FOR SELL IN UTTRAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૪૦૦/- લેખે ગણી બોટલ નંગ એક F.S.L. તપાસણી અર્થે કબજે કરેલ છે તે |
| ૭. | ૦૧ | ROYAL CHALLENGE PREMIUM GOLD WHISKY 75 PROOF 42.8% V.V. FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે ગણી બોટલ નંગ એક પો.સ્ટે. રીઝર્વ રાખેલ છે તે |
| | ૦૨ | ROYAL STAGE SEAGRAM'S CLASSIC |

| | | |
|---|---|---|
| | | WHISKY FOR SELL SELL IN UTTARAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલબંધ એક બોટલ 750 ML ની કિં.રૂા. ૧,૩૦૦/- લેખે ગણી બોટલ નંગ એક પો.સ્ટે. રીઝર્વ રાખેલ છે તે |
| | ૦૩ | ALL SEASONS RARE COLLECTION RESERVE WHISKY FOR SELL IN UTTRAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 180 ML ની કિં.રૂા. ૨૫૦/- લેખે ગણી બોટલ(ચપલા) નંગ એક પો.સ્ટે. રીઝર્વ રાખેલ છે તે |
| | ૦૪ | ALL SEASONS RARE COLLECTION RESERVE WHISKY FOR SELL IN UTTRAKHAND ONLY લખેલ જોવામાં આવે છે તે કાચની શીલ બંધ એક બોટલ 750 ML ની કિં.રૂા.૧,૪૦૦/- લેખે ગણી બોટલ નંગ એક પો.સ્ટે. રીઝર્વ રાખેલ છે તે |

દાખલ તારીખ : ૦૫-૦૨-૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૦૫-૦૨-૨૦૨૬
ફેસલ તારીખ : ૧૫-૦૪-૨૦૨૬
સમયગાળો : <u>વર્ષ-માસ-દિવસ</u>
૦૦-૦૨-૧૦

સત્યમેવ જયતે

**<u>જેતપુરના પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને<br>એડી. ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં</u>**

**ફોજદારી કેસ નં.૩૨૨/૨૦૨૬**
**આંક-૩૮**

ફરીયાદીઃ- શ્રી સરકાર,

<u>વિરૂધ્ધ</u>

આરોપીઃ- સોહીલભાઇ સલીમભાઇ મડમ
રહે. ચોરડી, તા. ગોંડલ, જી. રાજકોટ.

**<u>ગુનોઃ-</u>** **<u>પ્રોહીબીશન એક્ટની કલમ કલમ – ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબ.</u>**

------------------------------------

ફરીયાદ પક્ષેઃ- વિદ્વાન સ્પે.પી.પી. શ્રી કે.બી. ડોડીયા.

આરોપી પક્ષેઃ- વિદ્વાન વિ.વ.શ્રી જે.એન. જાડેજા.

------------------------------------

## <u>JUDGEMENT</u>

1. આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૪.૦૮.૨૦૨૫ ના કલાક ૦૨.૦૦ વાગ્યે કાગવડ પાટીયાથી કાગવડ ગામ તરફ રેલ્વેના પુલ નીચે હાલના કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી પુર્વ આયોજીત કાવતરૂ રચી ટ્રકમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો મોટા પાયે જથ્થો ટ્રકની ટેન્કમાં

ચોરખાનુ બનાવી ગેરકાયદેસર પ્રતિબંધિત ગુજરાતમાં પ્રવેશ કરી એકબીજા મારફતે મોકલી આપવાનું આયોજન કરી ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ. ની બોટલો નંગ-૯૨૪૦ કિં.રૂા. ૧,૨૧,૧૭,૬૦૦/- તથા ઇંગ્લીશ દારૂના ૧૮૦ એમ.એલ.ના ચપ્લાની બોટલો નંગ-૪૮ જેની કિં.રૂા. ૧૨,૦૦૦/- આમ કુલ ઇંગ્લીશ દારૂની કિં.રૂા. ૧,૨૧,૨૯,૬૦૦/- તથા વાહન નંગ-૫ કિં.રૂા. ૪૬,૦૦,૦૦૦/- ગણી એમ તથા તાડપત્રી નંગ-૨ કિં.રૂા. ૦૦ તથા રસા નંગ-૨ કિં.રૂા. ૦૦ તથા ટ્રકની આર.સી. બુક ફોટો કોપી નંગ-૨ કિં.રૂા.૦૦ તથા શિવજીત તોમરના નામનું પાનકાર્ડ નંબર BJSPT4235Q ની નકલ કિં.રૂા. ૦૦ તથા સદરહું ટ્રકની વિમા પોલીસી કિં.રૂા. ૦૦ તથા સુરેશભાઇ નારાયણ માવલીયા ના ડ્રાઇવીંગ લાયસન્સ કિં.રૂા. ૦૦ એમ કુલ મળીને કિં.રૂા. ૧,૬૭,૨૯,૬૦૦/- ના મુદ્દામાલ બનાવવાળી જગ્યાએ મુકી નાશી જઇ અને ત્યારબાદ હાલના કામના આરોપીએ આ કામે પકડાયેલ ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂનો જથ્થો પોતે રાજસ્થાન રાજ્યના બાડમેરના રહીશ દિનેશરામ પાસેથી મંગાવેલ હોય અને આ કામે કબજે કરેલ વાહનો પૈકી ટ્રક સિવાયના તમામ વાહનો હાલના કામના આરોપીના કબજા ભોગવટાના હોવાનું જણાવી અન્ય આરોપી સાથે મળી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીએ ગુન્હો આચરેલ છે. જે સંબંધી ફરીયાદી અના.પો.હે.કોન્સ. જીગ્નેશભાઇ ભીખાભાઇ ચૌહાણનાઓએ ફરીયાદ કરતાં જે ફરીયાદ વિરપુર પોલીસ સ્ટેશને પાર્ટ-સી ગુ. ર. નં.૧૧૨૧૩૦૦૧૨૫૦૩૦૯/૨૦૨૫ થી તા.૧૪. ૦૮.૨૦૨૫ ના રોજ નોંધેલ છે. ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપી

વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઈ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રાખેલ છે.

2. ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ . તેઓએ લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે તેઓના મંતવ્ય મુજબ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી માટે રાખવામાં આવેલ.

3. ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં જેઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ (ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭) મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આંક–૦૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચસાહેદ પિયુષભાઈ મનસુખભાઈ જાદવની જુબાની | ૦૬ |
| ૨. | પંચસાહેદ કિરીટગર શાંતીગર ગૌસ્વામીની જુબાની | ૦૮ |
| ૩. | સાહેદ ભગુભાઈ ઉર્ફે ભગી આપાભાઈ ધાધલની જુબાની | ૧૭ |
| ૪. | સાહેદ દિલાવરભાઈ ઉર્ફે દીલો હારૂનભાઈ ઠાસરીયાની જુબાની | ૧૮ |
| ૫. | સાહેદ કનુભાઈ ભીખુભાઈ કોડીયાતરની જુબાની | ૧૯ |
| ૬. | સાહેદ હુશેનભાઈ ઉર્ફે શાહરૂખ રસુલભાઈ ભટીની જુબાની | ૨૦ |
| ૭. | પી.એસ.ઓ. અના.હે.કો.અરવિંદભાઈ નાથાભાઈ દાફડાની જુબાની | ૨૧ |
| ૮. | સાહેદ લાખાભાઈ ભીખુભાઈ કોડીયાતરની જુબાની | ૨૫ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૦૭ |
| ૨. | ડેપ્યુટ હુકમ | ૨૨ |
| ૩. | ગુન્હો રજી. કરવા લખેલ પત્ર | ૨૩ |
| ૪. | એફ.આઈ.આર. | ૨૪ |

**4.** ઉપરોકત પુરાવા બાદ આ કામે વિ.સ્પે.પી.પી.શ્રી તરફે આંક–૩૩ થી કલોઝીંગ પુરસીસ આપતા તેમજ હાલના કામે તપાસેલા સ્વતંત્ર પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય તેમજ ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો સિવાયના ફરીયાદપક્ષના બાકીના સાહેદો તપાસવાથી કેસના ગુણદોષ ઉપર ફરક પડે તેમ ન હોય તેમજ કોર્ટનો વેલ્યુએબલ (કિંમતી) સમય અને નાણાંનો વ્યય ન થાય તેથી ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સાહેદ પુરાવા ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતો નથી. જેથી સદર કામે તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો અન્ય પુરાવો નોંધવો વાજબી અને યોગ્ય જણાઈ આવતો ના હોઈ ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

5. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ (ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩) મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીએ ગુનો કર્યાનો ઈનકાર કરેલ છે. વધુમાં આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ. સ્પે.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**6.** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

1. શું ફરીયાદ પક્ષ નિશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૧૪.૦૮.૨૦૨૫ ના કલાક ૦૨.૦૦ વાગ્યે કાગવડ પાટીયાથી કાગવડ ગામ તરફ રેલ્વેના પુલ નીચે હાલના કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી પુર્વ આયોજીત કાવતરૂ રચી ટ્રકમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો મોટા પાયે જથ્થો ટ્રકની ટેન્કમાં ચોરખાનુ બનાવી ગેરકાયદેસર પ્રતિબંધિત ગુજરાતમાં પ્રવેશ કરી એકબીજા મારફતે મોકલી આપવાનું આયોજન કરી ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ. ની બોટલો નંગ-૯૨૪૦ કિં.રૂા. ૧,૨૧,૧૭,૬૦૦/- તથા ઇંગ્લીશ દારૂના ૧૮૦ એમ.એલ.ના ચપ્લાની બોટલો નંગ-૪૮ જેની કિં.રૂા. ૧૨,૦૦૦/- આમ કુલ ઇંગ્લીશ દારૂની કિં.રૂા. ૧,૨૧,૨૯,૬૦૦/- તથા વાહન નંગ-૫ કિં.રૂા. ૪૬,૦૦,૦૦૦/- ગણી એમ તથા તાડપત્રી નંગ-૨ કિં.રૂા. ૦૦ તથા રસા નંગ-૨ કિં.રૂા. ૦૦ તથા ટ્રકની આર.સી. બુક ફોટો કોપી નંગ-૨ કિં.રૂા.૦૦ તથા શિવજીત તોમરના નામનું પાનકાર્ડ નંબર BJSPT4235Q ની નકલ કિં.રૂા. ૦૦ તથા સદરહું ટ્રકની વિમા પોલીસી કિં.રૂા. ૦૦ તથા સુરેશભાઇ નારાયણ માવલીયા ના ડ્રાઇવીંગ લાયસન્સ કિં.રૂા. ૦૦ એમ કુલ મળીને કિં.રૂા. ૧,૬૭,૨૯,૬૦૦/- ના મુદ્દામાલ બનાવવાળી જગ્યાએ મુકી નાશી જઇ અને ત્યારબાદ હાલના કામના આરોપીએ આ કામે પકડાયેલ ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂનો જથ્થો પોતે રાજસ્થાન રાજ્યના બાડમેરના રહીશ દિનેશરામ પાસેથી મંગાવેલ હોય અને આ કામે કબજે કરેલ વાહનો પૈકી ટ્રક સિવાયના તમામ વાહનો હાલના કામના આરોપીના કબજા ભોગવટાના હોવાનું જણાવી અન્ય આરોપી સાથે મળી ગુન્હો

કરવામાં એકબીજાની મદદગારી કરી, પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

2. શું હુકમ ?

7. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ છે.

1. મુદ્દા નં.૧- નકારમાં.
2. મુદ્દા નં.૨- આખરી હુકમ મુજબ.

8. ફરીયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા વિગતવારના કારણો, તારણો નીચે મુજબ છે.

## <u>કા ર ણો</u>

### <u>મુદ્દા નં.૧</u>

9. આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

10. સદર કામે અનુક્રમે આંક-૦૬ તથા આંક-૦૮ થી પંચ સાહેદોની જુબાનીની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. સદર પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચ સાહેદો તેમની જુબાની દરમ્યાન આંક-૦૭ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામાની પ્રમાણિત નકલ રજુ રાખે છે પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર

પંચસાહેદો પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતાં નથી. આમ, સદર પંચસાહેદોની જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ, સદર પંચસાહેદોની જુબાની તથા આંક-૦૭ વાળા પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

11. હાલના કામે ફરીયાદપક્ષે આંક-૧૭ થી સાહેદ ભગુભાઈ ઉર્ફે ભગી આપાભાઈ ધાધલનાઓને તપાસેલ છે. સદર સાહેદ તેમના પુરાવામાં તેઓના મોટાભાઈનું નામ કનુભાઈ આપાભાઈ ધાધલ હોવાનું અને તેઓના નામે કોઇ વાહન નહીં હોવાનું તથા તેઓએ એક પીકઅપ ગાડી રાખેલી જેના નંબર તેઓને હાલ યાદ નહીં હોવાનું તેમજ આ ગાડી તેઓએ સને ૨૦૨૪ માં લીધેલી હોવાનું અને આ ગાડી તેઓએ ત્રણ મહીના રાખેલી અને તેઓએ ગાડી હપ્તા ભરવાની શરતે લીધેલ હોવાનું અને હપ્તા નહી ભરાતા રાયસીંગભાઈ કે જેનું આખુ નામ તેઓને ખબર નહિં હોવાનું તે પરત લઈ ગયેલ હોવાનું અને રાયસીંગભાઈનું ગામ ચોટીલા પાસે ગોસળ હોવાનું અને પછી તેઓને વિરપુર પોલીસ મથકમાંથી ફોન આવેલાનું અને તેઓને પોલીસ મથકે બીજા દિવસે બોલાવેલાનું અને બીજા દિવેસ તેઓ પોલીસ મથક ગયેલાનું અને પોલીસે તેઓનું આધારકાર્ડ અને મોબાઈલ નંબર માંગેલ હોવાનું અને પછી તેઓને પંદરથી વીસ મીનીટ બેસાડેલ અને જવાનું કહેતા તેઓ જતા રહેલ હોવાનું અને પોલીસે તેઓને પુછપરછ કરેલાનું અને તે અંગે તેઓ પોલીસને નિવેદન આપેલ હોવાનું તેમજ તેઓ રાયસીંગભાઈને ઓળખતા હોવાનું અને તેઓને પોલીસે બોલેરો પીકઅપ દારૂના ગુન્હામાં પકડાયેલ હોવાનું જણાવેલાનું તથા તેઓએ પોલીસને તે પીકઅપ તેઓએ જેની પાસેથી લીધેલ તેને પરત આપી દીધેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે,"પોલીસે તેઓને માત્ર તેઓનું નામ અને સરનામું પુછેલ તે સિવાય બીજી કોઈ પુછપરછ કરેલ નથી."

આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સદર સાહેદ ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત સંબંધે માત્ર કબજે લીધેલ ગાડી તેઓએ લીધેલ અને હપ્તા નહી ભરાતા જેની પાસેથી લીધેલ તેને પરત આપી દીધેલ હોવા અંગેની જ હકીકત જણાવે છે અને તે સિવાયની ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની કોઇપણ હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ રાખતા નથી. જે સંજોગોમાં સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીએ ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોવાનું ફલિત થતુ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

12. હાલના કામે ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ દીલાવરભાઇ ઉર્ફે દીલો હારૂનભાઇ ઠાસરીયાનાઓને તપાસેલ છે. સદર સાહેદ તેમના પુરાવામાં તેઓને પોલીસે સપ્ટેમ્બર મહીનામાં વિરપુર બોલાવેલાનું અને વિરપુર તેઓને પોલીસે પોલીસ મથકે બોલાવેલ હોવાનું અને તેઓને પોલીસે તેઓની ગાડી માટે બોલાવેલાનું તેમજ તેઓની ગાડીનો નંબર જીજે–૧૩–એડબ્લ્યુ–૩૪૪૧ હોવાનું અને તેઓની ગાડી બોલેરો હોવાનું અને પોલીસે તેઓને તેઓનું નામ સરનામું પુછેલુ હોવાનું અને પોલીસે જણાવેલ કે, તમારી ગાડી દારૂના ગુન્હામાં પકડાયેલ છે તેથી બોલાવેલાનું આ બોલેરો ગાડી તેઓના નામે હોવાનું અને પોલીસને તેઓએ લખાવેલા નહિં હોવાનું પરંતુ પોલીસે તેઓને પુછેલ કે ગાડી તમારી તો તેઓએ ગાડી તેમની હોવાનું તેમજ પોલીસે તેઓની પાસે ગાડીની આર.સી. બુક અને આધારકાર્ડની ઝેરોક્ષ નકલ માંગેલ હોવાનું અને તેઓનું સરનામું તથા મોબાઇલ નંબર લઇ તેઓને જવા દીધેલ હોવાનું અને તેઓ અગાઉ રાજકોટ ગંજીવાડામાં રહેતા હતા ત્યારે તેઓએ આ બોલેરો ગાડી ઇમ્તીયાઝભાઇ કે જે કેટરર્સનું કામ કાજ કરે છે તેને ભાડે આપેલ હોવાનું અને પોલીસે પુછપરછ કરેલ ત્યારે ગાડી પોલીસ મથકમાં

હોવાનું અને તેઓને બીજુ કાંઇ વધારાનું જાણવા મળેલ નહીં હોવાનું અને ગાડી કોની પાસે પકડાયેલ છે તે અંગે તેઓને જાણવા મળેલ નહીં હોવાનું અને ચોરડી ગામ ગોંડલ તાલુકાનું ક્યા આવેલ છે તે તેઓને ખબર નહીં હોવાનું તેમજ તે ગામના કોઇ વ્યક્તિને તેઓ ઓળખતા નહીં હોવાનું અને તેઓને તેઓનું પોલીસ રૂબરૂનું નિવેદન બતાવતા જે જોઇને વાંચીને જણાવે છે કે, તેમાં વિશાલભાઇ અને સોહીલભાઇ તેવા નામ છે પરંતુ તેઓએ નિવેદનમાં પોલીસને આવા કોઇ નામ લખાવેલ નહીં હોવાનું અને તેઓ વિશાલભાઇ અને સોહીલભાઇને ઓળખતા નહીં હોવાનું જણાવે છે. સદર સાહેદ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે,"પોલીસે તેઓને માત્ર તેઓનું નામ અને સરનામું પુછેલ તે સિવાય બીજી કોઇ પુછપરછ કરેલ નથી." આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સદર સાહેદ ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત સંબંધે માત્ર કબજે લીધેલ ગાડી તેઓના નામે હોવાની અને સદરહું બોલેરો ગાડી ઇમ્તીયાઝભાઇ કેટરર્સનું કામ કરતા હોય તેને ભાડે આપેલ હોવા અંગેની જ હકીકત જણાવે છે અને તે સિવાયની ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની કોઇપણ હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ રાખતા નથી. જે સંજોગોમાં સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીએ ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોવાનું ફલિત થતુ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

13. હાલના કામે ફરીયાદપક્ષે આંક-૧૯ થી સાહેદ કનુભાઇ ભીખુભાઇ કોડીયાતરનાઓને તપાસેલ છે. સદર સાહેદ તેમના પુરાવામાં પોલીસે તેઓને નિવેદન માટે બે થી ત્રણ મહિના પહેલા જેતપુર પોલીસ મથકે બોલાવેલાનું અને પોલીસે તેઓનું બોલેરો પીકઅપ વાહન દારૂના ગુન્હામાં પકડાયેલ હોય જેથી હાજર થવા જણાવેલ હોવાનું અને જેથી

તેઓ પોલીસ મથક ગયેલ હોવાનું અને તેઓએ નિવેદન આપેલાનું તેમજ તેઓએ પોલીસને કાંઇ લખાવેલ નહીં હોવાનું તેમજ પોલીસને તેઓએ આધારકાર્ડ આપેલાનું અને મોબાઇલ નંબર તથા નામ આપેલાનું તેમજ પોલીસે તેઓને પુછેલ કે ગાડી કોણ લઇ ગયેલ તો તેઓએ અલ્તાફ લઇ ગયેલ હોવાનુ તથા અલ્તાફ ગાડી ફેરા કરવા માટે અવારનવાર તેઓની પાસેથી લઇ જતો હોવાનું જણાવેલાનું અને તેઓની બોલેરો પીકઅપ ગાડીનો નંબર જીજે.૨૫.યુ.૬૧૪૬ હોવાનું અને તેઓએ પોલીસને બીજુ કાંઇ લખાવેલ નહી કે બીજા કોઇ નામ લખાવેલા નહીં હોવાનું અને તેઓને બીજુ કાંઇ જાણવા મળેલ નહીં હોવાનું તેમજ તેઓને તેઓના પોલીસ રૂબરૂનું નિવેદન બતાવતા જે જોઇને વાંચીને તેમાં લાખાભાઇનું નામ લખેલ હોવાનું અને જે તેઓના ભાઇ થતા હોવાનું છે અને વાહન તેમના નામ નોંધાયેલ અને વાહન ઉપર મહિન્દ્રા ફાયનાન્સમાંથી લોન લીધેલ હોવાનું અને તેઓ બીજા કોઇને ઓળખતા નહીં હોવાનું જણાવેલ છે. સદર સાહેદ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે,"પોલીસે તેઓને માત્ર તેઓનું નામ અને સરનામું પુછેલ તે સિવાય બીજી કોઇ પુછપરછ કરેલ નથી." આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સદર સાહેદ ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત સંબંધે માત્ર કબજે લીધેલ ગાડી તેઓના નામે હોવાનું અને સદર ગાડી અલ્તાફ ફેરા કરવા માટે લઇ જતો હોવા અંગેની જ હકીકત જણાવે છે અને તે સિવાયની ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની કોઇપણ હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ રાખતા નથી. જે સંજોગોમાં સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીએ ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોવાનું ફલિત થતુ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

14. ત્યારબાદ ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૨૦ થી સાહેદ

હુશેનભાઈ ઉર્ફે શાહરૂખ રસુલભાઈ ભટીનાઓને તપાસેલ છે. સદરહુ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, સદર સાહેદ એ ફરી ગયેલ સાહેદ છે અને ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત સંબંધે આરોપી વિરૂદ્ધ લેશમાત્ર પુરાવો રજૂ રાખતાં નથી જે સંજોગોમાં, સદર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

15. હાલના કામે ફરીયાદપક્ષે આંક-૨૧ થી પી.એસ.ઓ. અ.હે.કો. અરવિંદભાઈ નાથાભાઈ દાફડાનાઓને તપાસેલ છે. સદર સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, સદર સાહેદ એ હિત ધરાવનાર પોલીસ સાહેદ છે અને પી.એસ.ઓ. તરીકે પોતે બજાવેલ ફરજને અનુરૂપ પોતાનો સરતપાસનો પુરાવો રજુ રાખેલ છે તથા આંક-૨૨ થી ડેપ્યુટ હુકમ તથા આંક-૨૩ થી ગુનો રજી કરવા બાબતનો રીપોર્ટ તથા આંક-૨૪ થી એફ.આઈ.આર. રજૂ રાખેલ છે. સદર સાહેદ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે,"તેઓએ એફ.આઈ.આર. નોંધી તથા ડેપ્યુટ હુકમની કામગીરી કરેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી તેઓએ કરેલ નથી. તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ હોય તેવી કોઈ સ્ટેશન ડાયરી તપાસના કામે તપાસ કરનાર અમલદારને સોંપેલ હોય તેવું બનેલ નથી." આમ, સદર સાહેદ એ હિત ધરાવનાર પોલીસ સાહેદ છે અને સદર સાહેદે માત્ર પી.એસ.ઓ. તરીકે ગુન્હાની તપાસ ડેપ્યુટ કર્યા સિવાય કોઈ કામગીરી કરેલ નથી તે સંજોગોમાં સદર સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકત મુજબનો ગુન્હો હાલના આરોપીએ આચરેલ છે તેવું ફલિત થતુ નથી. જેથી, સદર સાહેદના માત્ર તપાસ ડેપ્યુટ કર્યાના પુરાવા આધારે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

16. ફરીયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ લાખાભાઈ ભીખુભાઈ કોડીયાતરનાઓને તપાસેલ છે. સદર સાહેદ તેમના પુરાવામાં પોલીસે

ત્રણ થી ચાર મહીના પહેલા બોલાવેલાનું અને પોલીસે બોલેરો ગાડી માટે બોલાવેલાનું અને તેઓની ગાડીનો નંબર જીજે.૨૫.યુ.૬૧૪૬ હોવાનું અને આ ગાડી તેઓએ તેઓના ભાઇ કનુભાઇને આપેલી હોવાનું અને કનુભાઈએ આ ગાડી વેચી દીધેલ હોવાનું અને આ ગાડી શેમાં પકડાયેલ તેની તેઓને ખબર નહીં હોવાનું અને પછી દારૂના ગુન્હામાં પકડાયેલી હોવાનું અને કનુભાઇ જ્યારે તેઓની પાસેથી ગાડી લઇ ગયેલ ત્યારે ગોંડલ બાજુ કોઇને ગાડી આપવાનું કહેલ હોવાનું તેમજ પોલીસે તેઓની પુછપરછ કરેલી હોવાનું જણાવે છે. સદર સાહેદ આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે,"પોલીસે ફક્ત મારૂ નામ અને સરનામુ પુછેલ તે સિવાય બીજી કોઈ પુછપરછ કરેલ નથી. તેઓએ પોલીસને કોઇ હકીકત લખાવેલ હોય કે પોલીસે તેવી હકીકત લખેલ હોય તેવું કાંઇ બનેલ નથી. તેઓ બીજુ કાંઈ જાણતા નથી." આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સદર સાહેદ ફરીયાદપક્ષના કેસના મુદ્ધા માંહેની હકીકત સંબંધે માત્ર કબજે લીધેલ ગાડી તેઓના નામે હોવા અંગેની જ હકીકત જણાવે છે અને તે સિવાયની ફરીયાદપક્ષના કેસના મુદ્ધા માંહેની કોઈપણ હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ રાખતા નથી. જે સંજોગોમાં સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીએ ફરીયાદપક્ષના કેસના મુદ્ધા માંહેની હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોવાનું ફલિત થતુ નથી. જેથી સદર સાહેદના પુરાવા આધારે હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

17. આમ, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ દ્વારા ઉપરોકત સાહેદ-પુરાવા રજુ કરવામાં આવેલ છે. તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદ સિવાય બનાવવાળી જગ્યાએથી અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર

સાહેદોના નિવેદનો મેળવેલા નથી. વધુમાં, જે સાહેદોના નિવેદન લીધેલ છે તેઓના પુરાવાઓની કરેલ ઉપરોકત ચર્ચા લક્ષમાં લઈએ તો, તેઓ માત્ર ગાડી સંબંધે પુરાવો આપે છે પરંતુ, ફરીયાદપક્ષના કેસના મુદ્દા માંહેની હકીકતને સમર્થન આપતો હાલના આરોપી વિરૂધ્ધનો કોઈ પુરાવો આપતાં નથી. વધુમાં, મુદ્દામાલના ઉત્પાદકનો પણ તપાસ કરનાર અમલદારે કોઈ જવાબ મેળવેલ નથી. આમ તેટલા અંશે તપાસમાં મહત્વની ત્રુટી રહેલી છે અને જેનો લાભ પણ આરોપીને મળવાપાત્ર બને છે. આમ, ફરીયાદપક્ષે તપાસમાં મહત્વપૂર્ણ ખામી રહેલી છે તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીની જ માલિકીનો હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. ફરીયાદપક્ષે મુદ્દામાલ દારૂ હોવા સંબંધે ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાનું પ્રમાણપત્ર પણ મેળવી રજુ કરેલ નથી. ચાર્જશીટના કાગળો જોતાં આરોપીની પાસેથી મુદ્દામાલ કબજે કર્યા અંગે કોઈ રસીદ આપવામાં આવેલ હોય તેવું પણ જણાતું નથી કે તે અંગે ફરીયાદપક્ષ દ્વારા કોઈ પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી. સદર મુદ્દામાલ દારૂની બોટલો કયાંથી લાવવામાં આવેલી? જો ખરીદ કરેલ તો કોની પાસેથી? શા માટે? જેવી મહત્વની બાબતની કોઈપણ તપાસ આ કામે કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસમાં અનેકવિધ ત્રુટિઓ રહેલી છે.

18. સદર કામે ફરીયાદપક્ષે તપાસેલ પંચસાહેદ દ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવામાં આવેલ છે પરંતુ, પંચસાહેદ દ્વારા પંચનામાની તમામ હકીકતોનો ઈનકાર કરવામાં આવેલ છે. **<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u>** માં સ્થાપિત કરવામાં આવેલ છે કે, જયારે પંચસાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ કર્મચારીની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

19. વધુમાં, **<u>માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ.-એચ.સી.-પાના નં.૨૨૭૬૯૮</u>**માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ "જો પંચસાહેદ ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય."

20. વધુમાં, સદર કામે તપાસેલ પંચસાહેદની જુબાની ધ્યાને લેતાં એવી કોઈ હકીકત ફલિત થતી નથી કે, પકડાયેલ મુદ્દામાલ બોટલ ઉપર પંચની સહીઓ કે અંગુઠા કરાવેલી સ્લીપ લગાવેલ હોય. આમ, જયારે તપાસ કરનાર અમલદાર દ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ઉપર પંચોની સહીઓ કે અંગુઠાવાળી સ્લીપ ચોંટાડેલ ના હોય તેવા સંજોગોમાં **<u>ધીરજલાલ ગાંડાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧ જી.એલ.આર. પાના નં.૪૩૩માં</u>** પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ "જયારે મુદ્દામાલ પંચની સહી સાથે શીલ કરવામાં ન આવી હોય અને પંચનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદીના પુરાવાને સમર્થન આપતો ના હોય ત્યારે પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬(બી) માં જણાવેલ અનુમાન કરી શકાય નહીં.

21. વધુમાં, **<u>ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨(૨) જી.એલ.એચ.(યુ.જે.)૧૧ માં</u>** પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ "પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલની ખરાઈ કરેલ ન હોય તો પ્રોહીબીશન એકટની કલમ-૧૧૬(બી)માં જણાવેલ અનુમાન થઈ શકે નહીં.

22. વધુમાં, ફરીયાદપક્ષે જે પંચસાહેદ તપાસેલ છે તે પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપતાં ના હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીના કબજામાંથી કે આરોપીના કબજા ભોગવટાની બોલેરો ગાડીઓમાંથી કે

ટ્રક માંથી મળેલ હોવા સંબંધી વાજબી શંકા ઉપસ્થિત થાય છે. **<u>સ્ટેટ વિ. રઈજીભાઈ ચતુરભાઈ સોલંકી એ.આઈ.આર. ૧૯૬૦ ગુજ. ૨૪</u>** ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,"Where the presence of the panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conducting the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely on the uncorroborated testimony of the Police Officer who conducted the search."

"The corroboration that would justify a conviction in cases where it is obligatory to make a search in the presence of Panchas, is usually the evidence of one of the Panchas. At any rate the corroboration must be from a source independent of the Police Officer who made the search."

23. આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી તે સંજોગોમાં આરોપીને પ્રોહીબીશનના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

24. સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ દ્વારા ઉપરોકત મુજબના જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, ફરીયાદ પક્ષે એવો કોઈ સ્પષ્ટ અને સીધો પુરાવો આપેલ નથી કે, તા.૧૪.૦૮.૨૦૨૫ ના કલાક ૦૨.૦૦ વાગ્યે કાગવડ પાટીયાથી કાગવડ ગામ તરફ રેલ્વેના પુલ નીચે હાલના કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી પુર્વ

આયોજીત કાવતરૂ રચી ટ્રકમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો મોટા પાયે જથ્થો ટ્રકની ટેન્કમાં ચોરખાનુ બનાવી ગેરકાયદેસર પ્રતિબંધિત ગુજરાતમાં પ્રવેશ કરી એકબીજા મારફતે મોકલી આપવાનું આયોજન કરી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ. ની બોટલો નંગ-૯૨૪૦ કિં.રૂા. ૧,૨૧,૧૭,૬૦૦/- તથા ઈંગ્લીશ દારૂના ૧૮૦ એમ.એલ.ના ચપ્લાની બોટલો નંગ-૪૮ જેની કિં.રૂા. ૧૨,૦૦૦/- આમ કુલ ઈંગ્લીશ દારૂની કિં.રૂા. ૧,૨૧,૨૯,૬૦૦/- તથા વાહન નંગ-૫ કિં.રૂા. ૪૬,૦૦,૦૦૦/- ગણી એમ તથા તાડપત્રી નંગ-૨ કિં.રૂા. ૦૦ તથા રસા નંગ-૨ કિં.રૂા. ૦૦ તથા ટ્રકની આર.સી. બુક ફોટો કોપી નંગ-૨ કિં.રૂા.૦૦ તથા શિવજીત તોમરના નામનું પાનકાર્ડ નંબર BJSPT4235Q ની નકલ કિં.રૂા. ૦૦ તથા સદરહું ટ્રકની વિમા પોલીસી કિં.રૂા. ૦૦ તથા સુરેશભાઈ નારાયણ માવલીયા ના ડ્રાઈવીંગ લાયસન્સ કિં.રૂા. ૦૦ એમ કુલ મળીને કિં.રૂા. ૧,૬૭,૨૯,૬૦૦/- ના મુદ્દામાલ બનાવવાળી જગ્યાએ મુકી નાશી જઈ અને ત્યારબાદ હાલના કામના આરોપીએ આ કામે પકડાયેલ ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો પોતે રાજસ્થાન રાજ્યના બાડમેરના રહીશ દિનેશરામ પાસેથી મંગાવેલ હોય અને આ કામે કબજે કરેલ વાહનો પૈકી ટ્રક સિવાયના તમામ વાહનો હાલના કામના આરોપીના કબજા ભોગવટાના હોવાનું જણાવી અન્ય આરોપી સાથે મળી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીએ ગુનો આચરેલ છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>:: હુ ક મ::</u>

1. આ કામના આરોપી સોહીલભાઈ સલીમભાઈ મડમ, રહે. ચોરડી, તા.

..............................................

A.C.J.M., JETPUR.

ગોંડલ, જી. રાજકોટનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) (ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧)) અન્વયે પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

2. અપીલ સમય બાદ, મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ આર્ટીકલ ઇંગ્લીશ દારૂનો ધારા–ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મુદ્દામાલ આર્ટીકલ એક સફેદ કલરની બોલેરો પીકઅપ FB વાહન જેના આર.ટી.ઓ. રજી.નં. GJ–13–AW–3441 તથા ચેસીસ નં. ZU2TBKJ1E44202 તથા એન્જીન નં. TBJ1E52934 છે તે તથા મુદ્દામાલ આર્ટીકલ એક સફેદ કલરની બોલેરો મેક્સ પીકઅપ વાહન જેના આર.ટી.ઓ. રજી.નં. GJ–13–AX–0917 તથા ચેસીસ નં. MA1RV2TLKN6K39800 તથા એન્જીન નં. TLN4K88461 છે તે તથા મુદ્દામાલ આર્ટીકલ એક સફેદ કલરની બોલેરો પીકઅપ FB જેના આર.ટી.ઓ. રજી.નં. GJ–25–U–6146 તથા ચેસીસ નં. ZV2TNKP1B24046 તથા એન્જીન નં. TNP1B20021 છે તે તથા મુદ્દામાલ આર્ટીકલ એક કબુતરી કલરનું અશોક લેલન કંપનીનું બડાદોસ્ત જેના આર.ટી.ઓ. રજી.નં. GJ–03–BY–5539 તથા ચેસીસ નં. MB1AB42E4NRB96706 ના લખેલ છે તે તથા મુદ્દામાલ આર્ટીકલ અશોક લેલન કંપનીનો લાલ કલરની કેબીન તથા પાછળ સફેદ કલરનું ગેસનું ટેન્ક વાળો બાર વ્હીલ વાળો ટ્રક જે ટ્રકની આગળ પાછળ આર.ટી.ઓ. રજી.નં. જોતા MP–09–DF–7701 વાળો ટ્રક તથા મુદ્દામાલ આર્ટીકલ સદરહું ટ્રકની કેબીનમાંથી ડ્રાઇવર શીટની પાછળ એક કાળા કલરની ફાઇલમાંથી શિવજીત મર્દાનસિંગ તોમર, રહે. રોડ નંબર ૦૩, ગ્રામ કુટવાસા પો.સ્ટે. તા. હિરણખેડા, માલવા, જી. હોસંગાબાદ રાજ્ય મધ્યપ્રદેશ વાળાના આર.સી. બુક ફોટો લેમીનેશન તથા મુદ્દામાલ આર્ટીકલ શિવજીત તોમરના નામનું પાનકાર્ડ નં. BJSPT4235Q ની

નકલ તથા મુદ્દામાલ આર્ટીકલ સદરહું ટ્રકની વિમા પોલીસી નં. ૧૫૧૩૦૦૧/૩૧/૨૦૨૪/૧૧૫૮૦ ની પોલીસી તથા મુદ્દામાલ આર્ટીકલ સદરહું ટ્રકમાંથી સુરેશભાઇ નારણભાઇ માલવીયા, રહે. ગ્રામ દેવલીપીપલોન શિરપોઇ, બળોદ, જી. અગરમાળવા મધ્યપ્રદેશ–૪૬૫૪૪૧ વાળાના ડ્રાઇવીંગ લાયસન્સનો ફોટો તથા મુદ્દામાલ આર્ટીકલ એક કાળા કલરની ફાઇલ છે તે અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો હુકમ સદરહું મુદ્દામાલ અંગે થયેલ ના હોય તો સદરહું મુદ્દામાલ તેના ખરા માલિકની ધારા–ધોરણસર ખરાઈ કરી તેના ખરા માલિકને ધારા–ધોરણસર પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

3. આરોપીના અગાઉ આપેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.

4. આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (ક્રિ.પ્રો.કો.ની કલમ–૪૩૭(એ)) મુજબ અપીલ અદાલતમાં જો અપીલ થાય તો હાજર રહેશે તેની ખાત્રી માટે આપેલ રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ધારા–ધોરણસરના સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખ ૧૫, માહે એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા.૧૫.૦૪.૨૦૨૬

(પ્રણવ દિલીપકુમાર મોદી)
પ્રિન્સી. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.

.............................................
A.C.J.M., JETPUR.